# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

વાચાળ હતા વચનોમાં લાચાર-સંહિતા આવી!
રાચતા હતા સ્વપનોની દુનિયામાં ફાચર આવી!
સંચાર હતો ભંડોળ - પાપાચારને લાગી બ્રેક -
લાગી લગામ તો ખારને આચાર-સંહિતા આવી!

## હાઇકુ

ફૂટે બંદૂક
ઉદ્યોગપતિ કાંધે -
પ્રવાસ - ખર્ચ

રેલી - યાત્રાઓ!
નડે મત પનોતી -
ઉતરે રેલા..

## ચિંતન

**યસ્મિન દેશે યદાકાલે યન્મુહૂર્તે ચ યદ્ દિને ।**
**હાનિઃ લાભઃ યશો મૃત્યુઃ તાન તથૈવ ન ચાન્યથા ॥**

'જે સ્થળે, જે કાળે, જે મુહુર્તમાં અને જે દિવસે, હાનિ-લાભ-યશ-કીર્તિ અને મૃત્યુ જે નિશ્ચિત જ હોય છે, ત્યારે જ તેને આવીને જ મળે છે, અન્યથા નહીં.'

ઇશ્વરીય વ્યવસ્થા-ગોઠવણ બધી જ કોમ્પ્યુટરાઇઝ્ડ છે. નિશ્ચિત સમયે-સ્થળે જે તે ઘટના, જેવી રીતે બનવાની હોય તે બને જ છે.

વિધિ-વિધાતા-કર્મ દેવ કે ભાગ્ય દેવતા જે કહો તે - પણ માણસ જન્મના તમામ લેખ લખાવીને જ આવે છે. કર્માનુસાર સુખ અને દુઃખ, આરામ અને પીડા, જે તે સ્થળ-કાળે ભોગવવાનાં હોય તે ભોગવવાં જ પડે છે.

બાલકાંડમાં પોતાની મા - મેનાવતીને જગદંબા પાર્વતીજી પણ કર્મને પ્રધાનપદ આપીને કહે છે માતાજી તમે મારા પતિના સ્વરૂપ સ્વભાવ જોઇને દુઃખી ન થાવ - મારા નશીબમાં જે પતિ હશે, અથવા જયાં પણ હું પરણીને જઇશ તે મારા ભાગ્યમાં જે સુખ-દુઃખ લખ્યું હશે તે મારે ગમે ત્યાં ભોગવવું જ પડશે. માતાપિતા, સુખી-ધનિક ઘર જોઇ દીકરીને પરણાવે પણ પતિની આદતો-સ્વભાવ-પ્રમાણે જ વર્તન કરતો હોય તો સ્ત્રીના ભાગ્યમાં જો દુઃખ જ લખાયું હોય તો ધનિક ઘરમાં પણ દુઃખી જ રહે છે.

## સુવિચાર

- દુનિયા ભૂલકણી છે, સ્વાર્થી છે, પોતાના સ્વાર્થ જેટલું જ યાદ રાખી બાકી બધું જ ભૂલી જાય છે **- હજારીપ્રસાદ દ્વિવેદી**
- ધન, વૈભવ, પદ અને સત્તા એ બધી સ્વાર્થની જ ભૂમિકા છે, ભ્રમજાળ છે- **રાઘવજી મહારાજ**
- સંતોષ સમી કોઇ સમૃધ્ધિ નથી, અને ધૈર્ય સમો કોઇ સદ્‌ગુણ નથી- **મા શારદામણિ દેવી**
- બીજાને આપવામાં જે સુખ સમાયેલું છે તે ભંડાર ભરવામાં નથી **- ભગવાન બુધ્ધ**
- જો તમારા હૃદયમાં જ જ્વાળામુખી હોય તો તમારા હાથમાં પુષ્પો પાંગરે એવી અપેક્ષા જ કેમ રાખી શકો? **- ખલિલ જિબ્રાન**
- કેવા કુળમાં જન્મ લેવો એ મારા હાથમાં જ ન હતું, પણ કેવો બનવું તે મારા હાથમાં હતું **- દાનવીર કર્ણ**
- માનવીનું આયુષ્ય વધ્યું, પણ આયુષ્યમાંનું જીવન ઘટ્યું **- જે.કૃષ્ણમૂર્તિ**

## બોધ કથા

સાધુ-સંત-બાપુ થોડી જમાવટ થાય પછી તરત મંદિર-આશ્રમ બનાવી-પાછલી અવસ્થાના જોગવાઇ રૂપ સાધન 'પેન્સન' ઊભું કરી લે છે અને 'ભગવાન' ના એજન્ટ કે સ્વયં ભગવાન બની બેસી જાય છે. જો કે એમાંય અપવાદ રૂપ એવા કેટલાક આશ્રમ છે જયાં "ભાવપત્રક" ને સ્થાન નથી માત્ર "ભાવ"ની જરૂર છે ત્યાં ઇશ્વર નહીં, "શાંતિ" જ મળે. દા.ત. પોંડીચેરી.

આશ્રમો-મંદિરો-મોટાં તીર્થધામો અત્યારે 'ટંકશાળ' તરીકે ચાલે છે, ભગવાનની આશીર્વાદ આપવાની કે શ્રધ્ધા ફળવાની નીતિ બદલાઇ ગઇ છે કે શું કંઇ ખબર પડતી નથી!? ખરેખર તો ભગવાન અને ભક્ત વચ્ચે ત્રીજી વ્યક્તિ-દલાલની જરૂર જ નથી. પંડા-બ્રાહ્મણ-પૂજારી-ગુરૂજીઓ આવી "ત્રીજી" વ્યક્તિ જ છે. મંદિર-આશ્રમ-તપોવન-જાત-આત્માને સુધારવા માટેનું સ્થાન છે.

એક સમાજસુધારક એક સંત પાસે ગયા અને એ સંતના આશ્રમમાં રહેવા - જમવાની સારી વ્યવસ્થા હતી તેથી એમને વિનંતી કરી કે, 'અમારે સમાજ સુધારવા માટે એક શિબિર રાખવી છે. ત્રણ દિવસ જુદા જુદા સમાજ સુધારકોના વ્યાખ્યાન રાખીએ અને યુવાનો અહીં ત્રણ દિવસ રહે - જમે - એવી શિબિરમાં આપ યજમાન થાવ.'

સંતે તરત કહ્યું, મારો આશ્રય જગ બદલવા માટે જાત બદલવા માટે જ છે. યુવાનો આત્મચિંતન માટે રહી શકે. શિબિર નહીં.

# ચુનાવ... ચાના કપ... ગુજરાતનો નાથ... ભારત ભાગ્ય વિધાતા અને એવું ઘણું બધું

**કોફી હાઉસ**

- ઉત્સવ પરમાર

ચૂંટણીની તારીખો જાહેર થઇ ગઇ... હવે પરિણામ આવે ત્યાં સુધી છાપાવાળાઓને હેડલાઇન્સ છાપવાની, ડેકોરટર્સને મંડપો બાંધવાની, ટી.વી.વાળાઓને ડિબેટ ચલાવવાની, એક્ટિવિસ્ટોને અભિયાન ચલાવવાની, આંખોને પોસ્ટરો જોવાની, કાનોને નારાઓ અને ભાષણો સાંભળવાની મજા આવશે...? આજથી ગુજરાતનાં ભાષણો સાંભળવાની મજા આવશે...? આજથી ગુજરાતનાં પ્રત્યેક ચાની કિટલીઓ પર, પાનનાં ગલ્લાઓ પર બ્લેકમાં ગુટખા ચબાવતાં, બસમાં કે જીપમાં સાવ અજાણ્યા મુસાફરોને ગુજરાતનું ભાવિ દર્શન કરાવતાં, પાણીપુરીની લારીઓ પાસે તીખા અવાજોમાં, કોલેજની કેન્ટીનમાં કોઇ ખૂણાનાં ટેબલ પર તમને કોઇને કોઇ રાજનૈતિક વિશ્લેષકો મળી જ જશે... તેઓ અતઃ થી ઇતિ સુધીની... મહાત્માથી મોદી સુધીની... સાનિયાથી સોનિયા સુધીની... તમામ જાણકારી રાખે છે... કયા રોડમાં કેટલા સેન્ટિમીટરના ખાડા છે, કયાં દારૂની બોટલો વેચાય છે, કયાં ડિપાર્ટમેન્ટમાં કેટલા પૈસાનો ભ્રષ્ટાચાર થયો છે, કઇ વાત અંદર છે - કઇ વાત બહારની છે... આ તમામ રેડી રેફરન્સ ખિસ્સામાં ભરીને ફરનારા સર્વકાલ સર્વજ્ઞો, હે પ્રભુ, ધરા ગુર્જરા પર પ્રગટ થશે... અવશ્યભાવી શ્રીમાન!

રાજનીતિ અને રાજકારણ બંને ભિન્ન છે; ભારતમાં રાજનીતિ થતી નથી; રાજકારણ થાય છે - (લો, આ રાજકીય વિશ્લેષક તો કોલમમાં જ પ્રગટી ચૂક્યા, હે પ્રભુ! તારી કૃપા અપરંપાર છે.)

હજી આપણા કેટલાંક નેતાઓ ઉત્ક્રાંતિની આડપેદાશ જેવા લાગે છે, જે લગભગ એકદમ પ્રારંભિક કક્ષાનાં મગજ સાથે જીવન વ્યતિત કરે છે. આપણે તેમના વિષે ઘણું બધું જાણીએ છીએ, પણ જાણે જણાતા જ નથી... અને ચૂંટણી વખતે તો... ઐસે ભોલે બન કે બૈઠે, જૈસે કોઇ બાત નહીં, સબકુછ નજર આ રહા હૈ દિન હૈ યે રાત નહીં...!!

લોકશાહી એ શ્રેષ્ટ વ્યવસ્થા નથી પણ વર્તમાન ઉપલબ્ધ વિકલ્પોમાં સૌથી શ્રેષ્ઠ છે. લોકશાહી એ પરિપક્વ પ્રજા માટેની વ્યવસ્થા છે... રોમ મટી ગયું, ગ્રીસ મટી ગયું, ઇજિપ્ત મટી ગયું પણ ભારત અઢી હજાર વર્ષોથી બચી ગયું... શું ભારત પરિપક્વ છે? ભારતમાં આવેલો મધ્યકાલિન યાત્રી સદીઓ પહેલાં આમ લખી ગયો છે, "ભારતીયો (તેણે હિન્દુ શબ્દ વાપર્યો છે, પરંતુ મધ્યકાળમાં હિન્દુ કોઇ સાંપ્રદાયિક કે ધાર્મિક શબ્દ ન હતો - મૂળ સિંધુ શબ્દનાં ઉચ્ચારણમાંથી પ્રગટેલો શબ્દ છે - હિન્દુ તો અન્ય ફારસી અર્થ કાળો એમ પણ થાય. પરંતુ કેટલાંકને બહુ જલદી ખોટુ લાગી જાય છે એટલે ભારતીય શબ્દ વાપરૂં છું, વાસ્તવમાં ભારત શબ્દ એટલો પ્રચલિત ન હતો, અને ન તો ભારતીયતાની કોઇ રાષ્ટ્રીય ભાવના) ...ખેર... ભારતીયો માને છે કે તેમનાં દેશ જેવો કોઇ બીજો દેશ નથી, તેમના રાષ્ટ્ર જેવું બીજું કોઇ રાષ્ટ્ર નથી, તેમના રાજાઓ જેવા બીજા કોઇ રાજાઓ નથી, તેમના વિજ્ઞાનની ટક્કરનું બીજું કોઇ વિજ્ઞાન નથી, તેઓ અહંકારી, મૂર્ખ હોવાતી હદ તક દંભી, અભિમાની તેમજ ભાવ-શૂન્ય છે. તેમનો અહંકાર એટલો બધો છે જો તમે તેને ફારસ કે ખુરાસાનનાં કોઇ વિજ્ઞાન કે વિદ્વાન વિશે કહેશો તો તે તમને અજ્ઞાની અને જૂઠ્ઠો જ સમજશે." આ મધ્યકાલિન ભારતીય સમાજનું એક યાત્રીની દૃષ્ટિએ વિવરણ હતું, શું આજે પણ આ સાચું છે? કુછ બોલતે કયો નહીં? બોલો ના...! પ્રશ્નનો જવાબ વ્યક્તિગત અને ખાનગી રાખવાની છૂટ છે.

દેશનાં વિકાસનાં પરિમાણો કયા છે. એ કદાચ વિવિધ પક્ષોનાં ચુનાવી મુદ્દાઓ કે મેનિફેસ્ટો પરથી સમજી શકાય છે... જો આજે પણ સડકો, વીજળી, પાણીનું રાજકારણ થતું હોય તો તેનો અર્થ શું કાઢવો? શું હજીય ભારતીય કે પ્રાદેશિક રાજકારણ કેનાલો અને ડામરની વચ્ચે ફસાયેલું છે? એક ભારતીય મતદાતા કયા આધાર પર મતદાન કરે છે? ભારતની સ્થિતિ માટે જવાબદાર કોણ...? નેતા કે મતદાતા? લોકશાહીનાં સિધ્ધાંત પ્રમાણ 'જેવી પ્રજા તેનો રાજા' મુજબ શું આજની કે ભૂતકાળની તમામ સરકારો ભારતીય પ્રજાનાં લઘુત્તમ સામાન્ય ચારિત્ર્યનું પ્રતિનિધિત્વ કરે છે? જો હા, તો હાથનાં કર્યા હૈયે વાગ્યા અને જો ના, તો વ્યવસ્થામાં કે વ્યક્તિમાં ચોક્કસ ત્રુટિ છે. શું હજી આપણે એક અપરિપક્વ જનસમુદાય છીએ? શું ભારતીયોને પોલિટિક્લ એજ્યુકેશન કે રાજનેતિક શિક્ષણ આપવાની જરૂર છે?

રાજકારણ પરિવર્તન માંગે છે... અરવિંદ કેજરીવાલ હવે મેલી ગંગામાં ઊતર્યા છે અને ઉહાપોહ થઇ ગયો... ભારતીય પ્રજાનાં કેટલાંક બેવડા ધોરણો અહીં સ્પષ્ટ થાય છે. ૩, ઓકટોબર ૨૦૧૨ "ધ હિન્દુ"નાં કાર્ટૂનમાં રાજકારણ 'વૈવિધ્ય સભર' જંગલમાં, જયાં હિંસકથી અતિ હિંસક સુધીનાં પ્રાણીઓ વસે છે, તેમાં કેજરીવાલ નામનાં સસલાંને પ્રવેશતું દર્શાવવામાં આવ્યું છે. શું રાજકારણમાં હિંસક હોવું ફરજિયાત છે? તૃણભક્ષીઓ ફક્ત પ્રચારકો કે કાર્યકર્તાઓ જ બની શકે? ૪ ઓકટોબર ૨૦૧૨નાં "દિવ્ય ભાસ્કર"માં કાન્તિ ભટ્ટ લખે છે, દેશનું સદ્‌નસીબ છે કે કેજરીવાલ હજી ફક્ત ૪૪ વર્ષના છે. અણ્ણા તેમના જીવનનો સૌથી મોટો પડકાર ચૂકી ગયા... ખેર! હવે સમય જ જવાબ આપશો... કે કોણ બનશે ભારત - ભાગ્ય વિધાતા!!

નેતા કેવો હોવો જોઇએ? છઠ્ઠા ધોરણનો છોકરો "જો હું પ્રધાનમંત્રી હોઉ તો" કે "જો હું પ્રધાનમંત્રી હોઉ તો" નિબંધમાં લખે એવો...!! રાજકારણની સૌથી નિર્દોષ વ્યાખ્યા તમને કદાચ આ નિબંધોમાંથી જ મળી રહેશે પણ રહેવા દો! વળી, પાછું કોઇકને ખોટું લાગી જશે. આ વિવિધતા ભરેલો દેશ છે અને રહેશે... એકવાર સુપ્રીમ કોર્ટનાં જજે કહી દીધેલું તેમ આ દેશ ભગવાન ભરોસે જ ચાલે છે... સરસ! બેસી તો નથી ગયો ને... બી પોઝિટીવ... ત્યાં સુધી દેશની કુંડળી મળે તો જરાક કહેજો ને આ ભારત ભાગ્ય વિધાતાનો યોગ કયાં પહોંચ્યો? જયહિન્દ!"

-ch9723367947@yahoo.com


## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૫મી ઓકટોબર

- અંગ્રેજી ભાષાને અસ્મિતા અપાવનાર જયોર્ઈ ચોસરની પુણ્યતિથિ - ૫.૧૦.૧૪૦૦.

કેન્ટરબરી ટેઇલ્સ પૂર્ણતઃ કવિ પ્રતિભા દર્શાવતી કૃતિ.



- ૧૮૮૧ - ચિત્રકાર પાબ્લો પિકાસોનો જન્મ.
- ઓરંગઝૈબની



પુત્રી - ઝિન્નત-નિશા પાદશાહ બેગમનો જન્મ ૧૬૪૩.




જિંદગીભર કુંવારી રહી દિલ્હીમાં 'કુંવારી મસ્જિદ' બંધાવી.

- કવિ માધવલાલ રાવળનો જન્મ - ૧૯૦૪.
- પ્રખર સાંસદ ચિત્તા બસુનું અવસાન - ૧૯૦૪.
- ગુજરાતના જાણિતા ચિત્રકાર મોતીલાલ ચાવડાનું અવસાન - ૧૯૭૧.

# પ્રવાહીની ઘનતા માપવા માટે કયું સાધન વપરાય છે?

## વિષય : વિજ્ઞાન જગત

(૧) લોહીમાં શર્કરાનું નિયમન કોણ કરશે?
(અ) થાઈરોઈડ (બ) રક્તકણ (ક) શ્વેતકણ (ડ) ઈન્સ્યુલિન
(૨) જીન થેરાપીનો ઉપયોગ કયા રોગ માટે થાય છે?
(અ) ત્રુટિજન્ય (બ) ચામડીના રોગો (ક) વારસાગત (ડ) જાતીય
(૩) ભારતનું સૌ પ્રતમ સૌર ઊર્જા ગામ કયા રાજ્યમાં આવેલું છે?
(અ) ગુજરાત (બ) કર્ણાટક (ક) આંધ્ર પ્રદેશ (ડ) જમ્મુ-કાશ્મીર
(૪) પ્રવાહીની ઘનતા માપવા માટે કયું સાધન વપરાય છે?
(અ) હાઈડ્રોમીટર (બ) ડાયનેમોમીટર (ક) માઈક્રોમીટર (ડ) સ્પીડોમીટર
(૫) આકાશમાં સૌ પ્રથમ ઉપગ્રહ કયા દેશે તરતો મુક્યો હતો?
(અ) અમેરિકા (બ) જાપાન (ક) ચીન (ડ) રશિયા
(૬) તાજેતરમાં વૈજ્ઞાનિકોએ કયા ગ્રહના અસ્તિત્વને નકાર્યું છે?
(અ) નેપ્ચ્યુન (બ) પ્લુટો (ક) યુરેનસ (ડ) મંગળ
(૭) નીચેનામાંથી કંઈ ગ્રંથી ઈસ્ટ્રોજન નામના અંતઃસ્ત્રાવ પેદા કરે છે?
(અ) શુક્ર પીંડ (બ) સ્વાદુ પિંડ (ક) પિચ્યુટરી (ડ) એડ્રીનલ
(૮) દાંતમાં રહેલો સૌથી સખત પદાર્થ કયો છે?
(અ) ઈનેમલ (બ) પ્રોટીન (ક) હાર્મોન (ડ) ફલોરાઈડ
(૯) વિશ્વ કેન્સર દિન કઈ તારીખે ઉજવાય છે?
(અ) ૧ ડિસેમ્બર (બ) ૫ જૂન (ક) ૧૦ એપ્રિલ (ડ) ૧૯ સપ્ટેમ્બર
(૧૦) નીચેનામાંથી કઈ વનસ્પતિમાં ક્લોરોફીલ હોય છે?
(અ) બિલાડીનો ટોપ (બ) લીલ
(ક) તમાકું (ડ) વાલનો છોડ
(૧૧) વનસ્પતિમાં જીવ છે તેવું સાબિત કોણે કર્યું હતું?
(અ) સી.વી.રામન (બ) જે.સી.બોઝ
(ક) આઈન્સ્ટાઈન (ડ) ડૉ. હોમી ભાભા
(૧૨) કયા રોગ લોહીના રક્તકણોનો નાશ કરે છે?
(અ) કમળો (બ) ન્યૂમોનિયા
(ક) ટાઈફોઈડ (ડ) થેલેસેમિયા
(૧૩) પારિજાત કયા રંગનો તારો છે?
(અ) પીળા (બ) વાદળી (ક) કાળા (ડ) લાલ
(૧૪) બેરી બેરીનો રંગ કયા વિટામીનની ઉણપથી થાય છે?
(અ) વિટામીન - એ (બ) વિટામીન - બી
(ક) વિટામીન - સી (ડ) વિટામીન - ડી
(૧૫) ભૌતિક શાસ્ત્રમાં નોબેલ પારિતોષિક મેળવનાર પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક કોણ હતા?
(અ) હરગોવિંદ ખુરાના (બ) ડૉ. હોમી ભાભા
(ક) જગદીશચંદ્ર બોઝ (ડ) સી.વી. રામન




## ● વિવિધા ●

વિષય :- વિશિષ્ટ પ્રતિભાઓ

**નામ, ક્ષેત્ર અને વિશિષ્ટ નોંધ**

- પન્નાલાલ પટેલ **(સાહિત્ય) : જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા**
- પરીક્ષિતલાલ મજમુદાર **(દર્શનશાસ્ત્ર) : આજીવન અધ્યેતા, પ્રજ્ઞાચક્ષુ દાર્શનિક**
- પીરાજી સાગરા **(ચિળકળા) : વિખ્યાત ચિત્રકાર**
- પુષ્પાબેન મહેતા **(સમાજસેવા) : આજીવન સમાજસેવિકા**
- પૂજ્ય મોટા **(આધ્યાત્મ) : આદ્યાત્મ પુરૂષ**
- પ્રતિક પારેખ : **(રમતગમત) : ચેસમાં ફિડેરેટીંગ મેળવનાર વિશ્વનો સૌથી નાની વયનો ખેલાડી (સાડા સાત વર્ષ)**
- પ્રફુલ્લ ભગવતી **(કાયદો અને ન્યાય) : સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયમૂર્તિ**
- પ્રબોધ પંડિત **(ભાષા શાસ્ત્ર) : અગ્રણી ભાષા શાસ્ત્રી**
- પ્રવિણ જોષી **(નાટ્યકલા) : અભિનેતા અને દિગ્દર્શક**
- પ્રહલાદભાઈ વૈદ્ય **(શિક્ષણ) : ગણિત શાસ્ત્રી**
- પ્રીતસેન ગુપ્તા **(પ્રવાસ) : વિશ્વ પ્રવાસી**
- પ્રેમચંદ રાયચંદ **(વેપાર) : દાનવીર**
- પ્રેમાનંદ **(સાહિત્ય) : ગુજરાતી ભાષાનો મહાકવિ**

## ● ગયા સપ્તાહનો સવાલ...?

**સવાલ - તાજેતરમાં મહારાષ્ટ્રના કયા ઉપમુખ્યમંત્રી સિંચાઇ વિભાગના ભ્રષ્ટાચારમાં વિવાદાસ્પદ બન્યા છે?**
**જવાબ - શ્રી અજિત પવાર**

## ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મહેશ એમ. જાદવ : વિદ્યાપીઠ, સાદરા
(૪) હાર્દિક. એન. ભટ્ટ : સે-૨૪
(૫) ધાર્મિક એસ. પટેલ : સે-૨૦

## ● પૂછું એક સવાલ...?

(૧) રાજ રજની પટેલ : સે-૨ ૩થી
પ્રશ્ન - મહારાષ્ટ્રનું સોલાપુર કયાં ઉદ્યોગ માટે જાણીતું છે?
જવાબ - સુતરાઉ કાપડ ઉદ્યોગ
(૨) પ્રજ્ઞેશ એલ. વસાવા : સે-૧૪થી
પ્રશ્ન - શ્રી ગુલઝારીલાલ નંદા કયા સમય ગાળા દરમિયાન વડાપ્રધાન રહ્યા હતા?
જવાબ - ૨૭-૫-૧૯૬૪ થી ૯-૬-૧૯૬૪ અને ૧૧-૧-૧૯૬૬ થી ૨૪-૧-૧૯૬૬
(૩) રમ્ય એમ. જાદવ : સે-૩૦થી
પ્રશ્ન - રાજસ્થાનમાં કયા બે સ્થળોએ અણુ વીજ મથકો આવેલા છે?
જવાબ - કોટા અને રાવત ભાટા
(૪) વ્યાસ અમી. બી : સે-૩થી
પ્રશ્ન - તમિલનાડુનું ચવાડી શા માટે જાણીતું છે?
જવાબ - ટેન્ક બનાવવાના કારખાના તરીકે
(૫) પંચાલ વિશ્વા. એચ : સે-૨૮થી
પ્રશ્ન - ચીનનો પ્રથમ ઉપગ્રહ કયો અને કયારે આકાશમાં મુકવામાં આવ્યો.
જવાબ - ચિકોમ - ઈ. સ. ૧૯૭૦માં

## ● આ સપ્તાહનો સવાલ...?

**ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઇ પટેલ કયા સમયગાળા દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી હતા?**

*આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ*

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર**

## ● સાચા જવાબો :-

[illegible]

## ઝડપી શિક્ષણની ટ્રિક

જાપાનમાં એક મશહૂર સમુરાઈ હતો. એના દીકરાનું નામ માતાઝૂરા હતું. સમુરાઈ ઈચ્છતો હતો કે દીકરો પણ મોટો થઈ સમર્થ સમુરાઈ બને. એ રોજ દીકરાને તલવારબાજી શીખવતો. માતાઝૂરો ખૂબ મહેનત કરતો પણ બીજે દિવસે ભૂલી જતો. એટલે તેના પિતાએ કંટાળીને કહ્યું, ''તું કયારેય તલવારબાજી નહીં શીખી શકે. કાલથી જંગલમાં બકરાં ચરાવવા જજે.''

બીજે દિવસે બકરાં ચરાવવા જંગલમાં માતાઝૂરો એક તલવારબાજ મળ્યો. જેનું નામ બાંજો હતું. તેણે બાંજોને વિનંતી કરી કે મને શિષ્ય બનાવો. બાંજોએ કહ્યું, તલવારબાજી શીખતાં ૧૦ વર્ષ લાગશે. તમે મને ઝડપથી આ કળા ના શીખવી શકો? એટલે બાંજોએ કહ્યું, ''હવે ૩૦ વર્ષ લાગશે.''

માતાઝૂરો નિરાશ થઈ બોલ્યો, ''એટલો બધો સમય વધારે છે.''




એટલે બાંજોએ કહ્યું, ''તો તો તને ૭૦ વર્ષ લાગી જશે.''

માતાઝૂરો સમજી ગયો કે દલીલ કરવાનો અર્થ નથી. એ જંગલમાં બાંજો સાથે જ રહેવા લાગ્યો અને તલવારબાજી શીખવા લાગ્યો.

એક દિવસ માતાઝૂરો ઝાડ પાસે બેઠો હતો અને ગુરૂ બાંજોએ લાકડાની તલવારથી હુમલો કર્યો. એને થોડા ઘસરકો પડ્યો પણ સાવધ બની ગયો. રાતે બાંજોએ ફરીથી હુમલો કર્યો. હવે એ હંમેશાં સાવધ રહેવા લાગ્યો. કેમ કે, ગમે તે ક્ષણે હુમલો થશે એ સમજાઈ ગયું. અણધાર્યા હુમલાથી બચવા માતાઝૂરો ઝડપથી તલવારબાજી શીખવા લાગ્યો. આમ પાંચ મહિના વીતી ગયા.


એક દિવસ બાંજોએ સાચી તલવારથી હુમલો કર્યો, માતાઝૂરોએ જીવ પર આવીને બચાવ કર્યો. અને ગુરૂને ટક્કર આપી. અને છેવટે જીતી ગયો.

ગુરૂને પણ આ પરાજયથી આનંદ થયો.

## મહત્ત્વનાં પ્રાદેશિક નૃત્યો

- **અસમ - બિહુ**
- **બિહાર - પૂરબી**
- **ગુજરાત - દાંડીયા, ગરબા, ભવાઇ**
- **કેરલ - મોહિની અટ્ટમ**
- **મહારાષ્ટ્ર - તમાશા, લેઝિમ**
- **પંજાબ - ભાંગડા**
- **ઉત્તર પ્રદેશ - નૌટંકી**
- **પં. બંગાળ - જાત્રા**

## ભૂલભૂલામણી : ઘરનો અટપટો રસ્તો



**ઉંદરભાઇ જલદી જલદી ઘેર પહોંચવા માગે છે. પણ ઘેર પહોંચવાનાં દર એમણે એટલા બધાં બનાવી રાખ્યા છે કે હવે પોતે જ છક્કડ ખાઇ ગયા છે. કયે રસ્તે ઘેર પહોંચશે? તમે જરા ઉંદરભાઇને મદદ કરો ને!**

## બાળ મિત્રો,

તમે બધા શાળાએ જાઓ છો, પરીક્ષાઓ આપો છો અને પાસ થઇને ઉપરના ધોરણમાં આવી જાઓ છો. તમે અભ્યાસ કરતા હો તે દરમિયાન તમારાં મમ્મી-પપ્પા કે મોટાં ભાઇ-બહેન કંઇક કામ ચીંધે તો તે કરતાં તમને આળસ આવે છે એટલે તરત હાથવગો ઉપાય અજમાવી દેવામાં આવે છે, "જોતાં નથી, હું ભણું છું!" ભણવું એટલે જાણે કે કામ ન કરવાનું બહાનું!

ખરી રીતે તો પોતાનું કામ જાતે કરવું જોઇએ અને તે ઉપરાંત ઘરનાં રોજિંદા કામમાં પણ મદદરૂપ થઇ શકો. કપડાં ન ધોઇ શકો પણ ઘરમાં અસ્તવ્યસ્ત ફેલાયેલી ચીજવસ્તુઓ ઠેકાણે મૂકી શકો.

આ ઉપરાંત તમે કરી શકો તેવાં નાનાં મોટાં કામ કરવામાં આવળ કરવી નહીં. એમ કરવાથી રોજેરોજેની ઉપયોગી વાતો જાણવા મળશે. કઇ વસ્તુ કેટલા ભાવે કયાંથી મળે? કઇ ચીજ બગડેલી? તે સમજણ આવશે. ઘરનાં નાના-મોટાં કામની સૂઝ હોય તો આગળ જતાં તેનાથી તમારી હોંશિયારી વધશે. માટે થોડું થોડું ધ્યાન રાખવામાં આવે તો સમજણમાં વધારો થશે. અને તમારૂં માન વધશે.

કેમ કે, અડિયલ અને કજિયાખોર બાળકો કરતાં કામગરાં અને સ્ફૂર્તિલાં બાળકો સૌને ગમે.